જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૮/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૪/૧૫**

## ટ્રેનમાં રાત્રીના સમયે પેસેન્જરોની નજર ચુકવી રૂ. ૧૩,૪૧,૦૦૦/- ની માલ મત્તાની ચોરી કરતા ઈસમોને સોનાના દાગીના તથા મોબાઈલ ફોન સાથે પકડી લેતી ક્રાઈમ બ્રાન્ચ

પેસેન્જરો ની નજર ચુકવી તેઓ પાસેના કિંમતી માલ મતાની ચોરી થવા અંગેના બનાવો અવાર નવાર બનવા પામતા હોય જેથી આવા ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અનુસંધાને શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર તથા શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમના માણસો તા.૧૮/૮/૧૫ ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે આવા પ્રકારના ગુન્હાઓ આચરનાર ટોળકીના સભ્યો પૈકી (૧) જાવેદખાન ઉર્ફે ઠાકરે સ.ઓ. મકસુદખાન પઠાણ ઉવ. ૨૭ રહે : ૩૯૪૦, કસવા પાર્ક ઇબ્રાહીમ મસ્જીદપાસે, સરખેજ અમદાવાદ શહેર તથા (૨) મોહસીન ઉર્ફે જુમ્માખાન સ.ઓ. મયુદ્દીન મલેક ઉવ. ૨૨ રહે : ડી-૩૧, દવાખાનાના છાપરા મરીયમબીબીની ચાલી, રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર. નાઓને તેના કબજાના સેમસંગ એસ-૫ મોબાઈલ ફોન -૧ કિ.રૂ. ૨૫૦૦૦/- સાથે પકડી લઈ જે મુદ્દામાલ કબ્જે કરી જેની વિરુદ્ધમાં સીઆરપીસી ૪૧(૧)(ડી) મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં પકડાયેલ બન્ને ઈસમોએ આ મોબાઈલ ફોનની મહેસાણા રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાં ચડતાં એક પેસેન્જરના ખિસ્સામાંથી બે એક વર્ષ પહેલા ચોરી કરેલાની કબુલાત કરેલ છે જે આધારે તેના માલીક બાબતેની તપાસ હાલમાં ચાલુ છે. તેમજ આરોપી પાસેથી સોનાની ચેઈન નંગ-૨ રૂ.૪૭૦૦૦/- ની કબજે કરવામાં આવેલ. જે બાબતે પુછતા આરોપીઓએ ગઈ તા. ૧/૧૦/૨૦૧૩ ના રોજ આરોપીઓ જન્મભુમિ ટ્રેનમાં અજમેરથી ચઢેલા અને રાત્રીના સમયે તમામ માણસો સુઈ જતાં કોચ નં. એસ-૧૧ માં જઈ જ્યાં એક બહેન નુ પર્સ પડેલ હતુ તે પર્સની ચોરી કરી ટ્રેનમાંથી આબુ રોડ રેલ્વે સ્ટેશન ખાતે ઉતરી ગયેલ અને ત્યાંથી જનરલ ના બીજા ડબ્બામાં બેસી અમદાવાદ આવી ગયેલ હોવાનુ જણાવેલ જે બાબતે પાલનપુર રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે રૂ. ૧૩,૪૧,૦૦૦/-ની ચોરી અંગે ફ.ગુ.ર.નં. ૨૦/૨૦૧૩ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આરોપીઓ તથા મુદ્દામાલ સોનાની ચેઈન નંગ-૨ પાલનપુર રેલ્વે પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપીઓનો ગુનાહીત પુર્વ ઈતિહાસ

(૧) આરોપી જાવેદખાન ઉર્ફે ઠાકરે સ.ઓ. મકસુદખાન પઠાણ અગાઉ કાગડાપીઠ તેમજ કાલુપુર રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે પર્સ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>શહેરકોટડા પો.સ્ટે.ના છેતરપીંડીના ગુન્હાનો તથા રાજકોટ તાલુકા પો.સ્ટે. ના પ્રોહીબીશન ગુન્હાના ના બે નાસતા ફરતા આરોપીઓને ઝબ્બે કરતી એસઓજી અમદાવાદ શહેર</u>**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપેન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા નાઓએ શહેરમાં કોઇ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા સુચના કરેલ. જે સુચના આધારે પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કો.અનવરખાન પીરખાન તથા પો.કો.જાહીદખાન મુનસફખાન ની બાતમી હકીકત આધારે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૯૬/૧૫ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫, એ,ઇ, ૮૧ વિગેરે ના નાસતા ફરતા આરોપી આહીદહુસેન ઉર્ફે જફર ઉર્ફે જે.પી. **S/O** કમરહુસેન શેખ ઉવ.૨૮ ધંધો:ડ્રાઇવીંગ રહે, એ/૧૨, અલઅક્સા ફ્લેટ, કેનાલની બાજુમાં, અંબર ટાવરની સામે, ૧૦૦ ફુટ રીંગ રોડ, ફતેવાડી, અમદાવાદ શહેર નાને આજ રોજ તા.૧૯/૦૮/૨૦૧૫ ના કલાક ૧૫/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે.

તેમજ હે.કો.જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા હે.કો.પ્રવિણસિંહ અંગતસિંહ નાઓએ સંયુક્ત બાતમી હકીક્ત આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૪/૧૧ ધી ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ના નાસતા ફરતા આરોપી રાકેશ ઉર્ફે ભુરા રમાકાન્ત રાજપુત રહે, સુભલક્ષ્મી નગર, ઇશાભાઇ ભરવાડનાં મકાનમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડ, આઇ.ઓ.સી. રોડ, ચાંદખેડા નાને પકડી તા.૧૯/૦૮/૨૦૧૫ ના કલાક ૧૪/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે. આગળની તપાસ સારુ રાજકોટ તાલુકા પો.સ્ટે. તથા શહેરકોટડા પો.સ્ટે. ને સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)